# પ્રદેશ કોંગ્રેસના સંગઠન માળખામાં મોવડી મંડળ ફેરફારો કરી શકે છે : શંકરસિંહ વાઘેલા

ગાંધીનગર, તા. ૬

લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને મળેલા પરાજય અંગેના પરિણામોની સમીક્ષા બાદ ટુંક સમયમાં કોંગ્રેસ મોવડીમંડળ દ્વારા પ્રદેશ સંગઠન માળખામાં ધરખમ ફેરફારો કરવામાં આવશે. તેવો સ્પષ્ટ સંકેત આજે વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આપ્યો હતો.

વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે પત્રકારો સાથેની અનૌપચારિક વાતચિતમાં જણાવ્યું હતું કે પ્રદેશમાં પક્ષના સંગઠનને મજબુત બનાવવા માટે યુથ કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ. બંનેને સાથે જોડી નવા યુથોને પાર્ટી સાથે જોડી પ્રજાના પ્રશ્નોને વાચા આપીશું અને ભાજપે જે ૨૦ કરોડ યુવાઓને નોકરીઓનું વચન આપ્યું છે તેના માટે તેમની પાસે ઉઘરાણી કરીશુ.

અંદાજપત્ર સત્રમાં વિપક્ષની ભૂમિકા કેવી રહેશે ? તેવા પત્રકારોએ પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે આખા દેશમાં અને તેમાંય ગુજરાતમાં ભ્રષ્ટાચાર ખદબદી રહ્યો છે. એ લોકોને દેખાડવાનો પ્રયત્ન કરીશું અને આખેઆખુ વહીવટી તંત્ર ભ્રષ્ટાચારમય છે. ખેડૂતોને ૭/૧૨ ના ઉતારા જેવી સામાન્ય વસ્તુ પણ પૈસા વગર મળતી નથી. પૈસા વગર કોઈ જ કામ થતું નથી. વહીવટમાં પારદર્શકતા રહી નથી. બેકારી ભ્રષ્ટાચાર મોંઘવારી હટાવવાની બાબતમાં સરકારે આપેલા વચનો જેવા ઘણા બધા મુદ્દાઓ છે કે જેમાં સરકારનો જવાબ માંગી શકાય ગુજરાત સરકારે ગોવાની જેમ પેટ્રોલ ડિઝલ, ખાતર ઉપરનો વેટ નાબુદ કરવો જોઈએ. દાગી મંત્રીઓ વિશે રજુઆતો કરીશું અને સરકાર મોંઘવારી ઓછી કરે તેમજ ભ્રષ્ટાચાર નાબુદ કરે તેના માટે વિધાનસભામાં ચર્ચા કરીશુ.

તેમણે જણાવ્યું હતું કે શિક્ષણ અને આરોગ્યમાં પણ રાજ્ય સરકાર સાથે નિષ્ફળ ગઈ છે. એક બાજુ સરકારી પ્રાથમિક શાળાઓ બંધ થઈ રહી છે. જ્યારે તેની સામે ખાનગી પ્રાથમિક શાળાઓનું પ્રમાણ વધી રહ્યું છે. જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓ વધુ પડતી ફીના કારણે મુશ્કેલી અનુભવી રહ્યા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)



'બ્રહ્મભવન' સે-૧૬ ખાતે તા. ૩૧-૫-૨૦૧૪ થી તા. ૬-૬-૨૦૧૪ સુધી 'અતિરૂદ્ર'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વે શ્રધ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો હતો.



'દેશી મધ' ગુણકારી ઔષધ છે. ગાંધીનગરથી અમદાવાદ જતા કોબા હાઈવે પર ઠેર ઠેર દેશીમધ વેચાણમાં થોડા સમયથી જોવા મળે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગુજરાતનું વીજ વ્યવસ્થાપન તંત્ર સમગ્ર દેશને રાહ ચિંધશે

## કેન્દ્રીય કક્ષાએ હાલ પડતર રહેલા પ્રશ્નોની સમીક્ષા કરવા માટે ગુજરાત પહોંચ્યા : અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા

ગાંધીનગર, તા.૦૬

છેલ્લા કેટલાક વર્ષોમાં મજબૂત નેતાગીરી અને કનેહપૂર્વક લેવાયેલ નિર્ણયને કારણે ગુજરાતે વીજક્ષેત્રે અભૂતપૂર્વ સફળતા મેળવીને એક સમયે વીજ ખેંચ અનુભવતું રાજ્ય વીજ સરપ્લસ બન્યું છે તેમ આજે પત્રકારોને કેન્દ્રિય ઊર્જા રાજ્યમંત્રી પિયુષ ગોયલે ગાંધીનગર ખાતે જણાવ્યું હતું. ગુજરાતે પાવર સેક્ટરમાં હાંસલ કરેલ સિધ્ધીઓ અને આ ક્ષેત્રના વધુ વિકાસ માટે કેન્દ્ર કક્ષાએ પડતર રહેલા પ્રશ્નોની વિગતોની સમિક્ષા કરવા ગુજરાતની મુલાકાતે આવેલ કેન્દ્રિય વીજ, કોલમંત્રી પિયુષ ગોયેલે આજે વીજ, કોલ, બિન પરંપરાગત ઊર્જા મંત્રાલયના ઉચ્ચ અધિકારી અને ઊર્જા મંત્રી અને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તથા રાજ્યની વીજક્ષેત્રની કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ સાથે લંબાણપૂર્વકની વિસ્તૃત ચર્ચા વિચારણા કરી હતી. કેન્દ્રીય મંત્રીએ વીજ ક્ષેત્ર દ્વારા લેવાય પગલાઓના ધોરણે બીજા રાજ્યોમાં પણ વીજ ક્ષેત્રના વિકાસ માટે ખાસ કરીને વીજ ઉત્પાદન, વીજ વિતરણ તેમજ બિન પરંપરાગત ઊર્જા ક્ષેત્રમાં લેવાની જરૂરીયાત પર ભાર મુકી ગુજરાત વીજ ક્ષેત્રને બિરદાવ્યું હતું. કેન્દ્રિય વીજ અને કોલ મંત્રીની ગુજરાત રાજ્યની આજની મુલાકાત અને તેમની સાથે થયેલ ચર્ચા અંગે તેમનો પ્રતિભાવ આપતા ઊર્જા મંત્રી સૌરભ પટેલે આજની ચર્ચા અત્યંત સફળ ગણાવી, રાજ્યના વીજ ક્ષેત્રના પડતર પ્રશ્નોના ઉકેલમાં ઝડપ આવશે, તેવી શ્રધ્ધા વ્યક્ત કરી ગુજરાત તેના અનુભવોથી અન્ય રાજ્યને માહિતગાર કરવા તત્પર હોવાનું જણાવ્યું હતું.

## ૧૬મી લોકસભાના મહિલા અધ્યક્ષા સમિત્રા મહાજનને મુખ્યમંત્રીએ અભિનંદન પાઠવ્યા

ગાંધીનગર, તા.૦૬

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ૧૬મી લોકસભાના નવા વરાયેલા અધ્યક્ષા સુમિત્રા મહાજનને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવ્યા છે. મુખ્યમંત્રીએ નવનિયુક્ત અધ્યક્ષાને પાઠવેલા શુભેચ્છા સંદેશામાં ૧૬મી લોકસભાના મહિલા અધ્યક્ષા તરીકેનો તેમનો કાર્યકાળ ઉજવળ બની રહે તેવી શુભકામના આપી છે. સુમિત્રા મહાજનના પીઢ સંસદીય અનુભવો અને તજજ્ઞતા સૌ નવનિયુક્ત સાંસદો અને સંસદગૃહના સુચારૂ સંચાલન માટે માર્ગદર્શક બની રહેશે તેવી અપેક્ષા પણ ગુજરાતના મુખ્યમંત્રીએ વ્યક્ત કરી છે.

# સેક્ટર-૬માં રહેતા એન્જિનીયરના બંધ મકાનમાં ઘરફોડ ચોરી

## એક અઠવાડિયું પરિવારને મળવા મુંબઇ ગયા હતા : મકાનનું તાળું તોડીને લેપટોપ ચોરી તસકરો પલાયન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના સે-૬ ખાતે રહેતા અને પાલજ ખાતે આસી.એન્જીનીયર તરીકે ફરજ બજાવતા અધિકારી એક અઠવાડિયા માટે પરિવારને મળવા માટે મુંબઈ ગયા હતા તે દરમિયાન તેમના સે-૬ ના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા. મકાનનું તાળું તોડીને અંદર -વેશ કરી લેપટોપ ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. ઘરમાં સરસામાન વેરવિખેર કરીને તસ્કરોએ અન્ય કિંમતી સામાન શોધવા -યત્ન કર્યો હતો પરંતુ કાંઈ મળી આવ્યું ન હતું. સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

શહેરના સે-૬-ડી, સી.પી.ડબલ્યુ.ડી કોલોની મકાન નં.સી/ ૧૨ ખાતે રહેતા ગોપાલચંદ્ર હરીકીં દાસ પાલજ ગામ ખાતે આસી.એન્જીનીયર તરીકે ફરજ બજાવે છે. તેમનું પરિવાર મુંબઈ ખાતે રહે છે. ગોપાલચંદ્ર ૨૩ મે ના રોજ પરિવારને મળવા માટે મુંબઈ ગયા હતા. ૩૧ મી મે ના રોજ તેઓ ઘરે પરત ફર્યા ત્યારે જોયું તો તેમના મકાનના દરવાજાનું તાળું તૂટેલું હતું. ઘરમાં સામાન પણ વેરવિખેર પાડ્યો હતો. તપાસ કરી તો ઘરમાં પડેલું આશરે રૂ.૧૫ હજારની કિંમતનું લેપટોપ તથા પેન ડ્રાઈવ અને માઉસ સહિતનો સામાન ચોરી થઈ ગયેલો હતો. તસ્કરોના હાથે કોઈ કિંમતી સામાન આવ્યો ન હતો. આસી.એન્જીનીયર ગોપાલચંદ્રની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને પી.એસ.આઈ સરવૈયાએ વધુ તપાસ શરુ કરી છે.

## વરિષ્ઠ નાગરિકની બેઠક

ગાંધીનગર, તા. ૬

વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટની વાર્ષિક સાધારણ સભા તા. ૮ જૂન રવિવાર સાંજે ૪.૩૦ વાગે પ્લોટ નં. ૬૧૫, વાસ્તુનિર્માણ સોસાયટી સેક્ટર-૨૨ ખાતે યોજવામાં આવશે. જેમાં સર્વે સભાસદોએ સમયસર ઉપસ્થિત રહેવું.

## આર્ટ ઓફ લીવીંગ હેપીનેસ કાર્યક્રમ કરશે

ગાંધીનગર, તા. ૬

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા હેપીનેસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૧૦ જૂનથી ૧૫ જૂન સુધી સવારે ૬ થી ૯ અને સાંજે ૬.૩૦ થી ૯.૩૦ સુધી મેઘમલ્હાર કોમ્પ્લેક્ષ સેક્ટર-૧૧ ખાતે શિબિર યોજાશે. જેમાં નગરજનોને યોગાસનો શિખવાડવામાં આવશે તેમજ તનાવમુકિત, આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણશકિત, માનસિક શાંતિ, તંદુરસ્તી અને વકતૃત્વ શકિત ખીલે તેવી પધ્ધતિઓ શિખવાડવામાં આવશે. શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક શિબિરાર્થીઓએ સ્થળ પર રજીસ્ટ્રેશન કરાવવા જણાવ્યું છે.

## બંને નિર્દોષ છૂટ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આકા, સાનમિયાં ૧૦ વર્ષથી લઈને આજીવન કારાવાસની જેલની સજા ભોગવી રહ્યા હતા તેમને સુપ્રીમ કોર્ટ દ્વારા છોડી મુકવામાં આવ્યા હતા. ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં અક્ષરધામ મંદિર ઉપર ભીષણ આતંકવાદી હુમલો કરાયો હતો. અક્ષરધામ મંદિર પર ૨૪મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે સાંજે આશરે ૪.૩૦ વાગે આંતકવાદીઓ ભીષણ હુમલો કરી દીધો હતો.

આ હુમલામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ માર્યા ગયા હતા. સત્તાવાર રીતે આ હુમલામાં ૩૩ લોકોના મોત થયા હતા. કમાન્ડો ઓપરેશન હાથ ધરવાની ફરજ પડી હતી. કમાન્ડો ઓપરેશનમાં મંદિર પર હુમલો કરનાર બંને આતંકવાદીઓ માર્યા ગયા હતા. પરંતુ આ હુમલામાં ભારે ખુવારી થઈ હતી. આતંકવાદીઓ અતિ આધુનિક હથિયારો અને અન્ય શસ્ત્રો સાથે મંદિરમાં ઘુસી ગયા હતા. અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. આ હુમલો કરવામાં આવ્યો ત્યારે મંદિરમાં આશરે ૬૦૦ જેટલા શ્રદ્ધાળુઓ હતા. ઘાયલ થયેલાઓનો આંકડો ૭૯ આકવામાં આવ્યો હતો.

## ગરમીનો કહેર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેવું લાગ્યા કરે છે. વળી ગાંધીનગરની આસપાસ ક્યાંય દરિયા કિનારો ન હોવાથી રાત્રે પણ ઠંડો પવન ફુંકાતો નથી અને આખી રાત ખુબ બફારો થાય છે. બફારાના કારણે વસાહતીઓની ઉંઘ જાણે વેરણ બની ગઈ છે. ઠંડા પીણા, બરફનો ઉપાડ વધી ગયો છે. કચેરીઓમાં ઠંડા પાણીની માંગ સતત રહે છે. શ્રમજીવીઓ, લારીગલ્લાવાળાઓ જ્યાં ઠંડુ પાણી મળે તેવી કચેરીઓ, બેંકોમાં લાઈન લગાવતા નજરે ચઢે છે. આકરી ગરમીથી સમસ્ત માનવજીવન જાણે સ્થગિત થઈ ગયું હોય તેવું લાગે છે. પશુ-પંખીઓએ દિવસ દરમ્યાન વિચરવાનું ટાળી દીધુ છે. તેઓ પણ આખો દિવસ વૃક્ષોના છાંયડામાં કે પાણી હોય તેવા સ્થળોની આસપાસ બેસી રહે છે. શુક્રવારે મહત્તમ તાપમાન ૪૩.૯ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૩૦.૦ ડિ.સે. નોંધાયું હતું જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૨ ટકા અને સાંજે ૧૮ ટકા રહ્યું હતું.

## રાજ્યનું અંદાજપત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તૈયારીમાં તેઓ વ્યસ્ત બન્યા છે. નાણાં વિભાગના અધિકારીઓ સાથે શ્રેણીબધ્ધ બેઠકોનો દોર ચાલી રહ્યો છે.

સચિવાલયના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વેરાઓના સરળીકરણની સાથે સાથે તેઓ કેટલીક રાહતો અંગેની મહત્વની જાહેરાત તેમના આ પ્રવચનમાં કરશે. ખાસ કરીને વહીવટીતંત્રના સુધારને લક્ષમાં રાખી પણ કેટલીક નવી જાહેરાતો આ અંદાજપત્રમાં થશે.

૧લી જુલાઈથી શરૂ થઈ રહેલું આ અંદાજપત્ર સત્ર વીસ દિવસ ચાલશે. જેમાં બે દિવસ બે બેઠકો મળનાર છે. ૧૦મી જુલાઈ અને ૨૪મી જુલાઈના રોજ આ બે બેઠકો મળશે. ૨૦ દિવસના સત્ર દરમિયાન ૨૨ બેઠકો મળશે.

પ્રથમ દિવસે શોક દર્શક ઉલ્લેખ બાદ તુરંત જ નાણાંમંત્રી શ્રી સૌરભ પટેલ વર્ષ ૧૯૯૯-૨૦૦૦, ૨૦૦૦-૦૧, ૨૦૦૧-૦૨ અને ૨૦૦૨-૦૩ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકો રજુ કરશે. આ પછી તેઓ ૨૦૧૪-૧૫ના વર્ષ માટેના ફેરફાર કરેલા અંદાજપત્રની રજુઆત કરશે.

સરકારે આ સત્રમાં સરકારી વિધેયકો માટે ત્રણ દિવસ ફાળવ્યા છે. જ્યારે અંદાજપત્રની વિભાગવાર માંગણીઓ પરની ચર્ચા માટે ૧૨ દિવસ ફાળવ્યા છે. સાતમી જુલાઈથી ૧૦મી જુલાઈ દરમિયાન ચાર દિવસ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા માટે ફાળવવામાં આવ્યા છે.

વિધાનસભાના આ સત્રમાં સત્રના અંતિમ દિવસ પૂર્વે ચાર દિવસનું એક મીની વેકેશન પણ આવે છે. ૩૦મી જુલાઈના રોજ વિનિયોગ વિધેયક રજુ કરાશે અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ પણ રજુ કરાશે.

દરમિયાન વિધાનસભા ગૃહમાં અંદાજપત્ર રજુ થવાનું હોઈ વિભાગોમાં પણ હવે આ કામગીરી મિશન મોડ પર ચાલી રહી છે. આ અંદાજપત્રમાં સરકારને નવી આવકો મળવાની અને કેન્દ્રીય સહાયમાં વધારો થવાની ગણત્રી હોવાથી કેટલાક મહત્વના કાર્યક્રમો ખાસ કરીને આંતર માળખાકીય સુવિધાને લગભગ હાથ ધરવામાં આવશે અને તેની જાહેરાતો થશે.

વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી માટે મંત્રીઓના પાંચ ગ્રુપ બનાવવામાં આવ્યા છે. સભ્યોને તેની જાણ પણ કરી દેવામાં આવી છે. સભ્યો દ્વારા પ્રશ્નોની રજુઆતો પણ મળતી થઈ જવા પામી છે.

## સહકાર સેતુ-૨૦૧૪

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેશભરમાં આ પ્રકારનું સેન્ટર પહેલીવાર ગુજરાતમાં ઉભુ કરાશે.

જ્યારે આ અંગે ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક લિમિટેડના ચેરમેન અજય પટેલે જણાવ્યું હતું કે સહકાર સેતુ કાર્યક્રમનો મુખ્ય હેતુ રાજ્યમાં આવેલી સહકારી બેંકોને એક છત નીચે લાવીને તેમને ટેકનોલોજીથી સુસજ્જ કરી આજની કોમર્સિયલ બેંક સાથેની સ્પર્ધામા ટકાવવાનો છે અને સાથે સાથે આરબીઆઈ દ્વારા સહકારી બેંકો માટે સૂચવાયેલા અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશનને ગુજરાતમા કાર્યરત કરવાનો છે. આ બે દિવસિય કોન્ફરન્સમાં બેંકિંગ સેકટરના નિ"ણાંતો આવીને સહકારી બેંકનો વિકાસ તેમજ તેને વધુ સશક્ત કઈ રીતે બનાવવી તે અંગે ચર્ચા કરશે.

આ બે દિવસની મેગા ઈવેન્ટમાં "થમ દિવસે ૭મી જુને ઉદઘાટન સત્ર બાદ ટેકનિકલ સેશન ૧ માં લીવરેજિંગ ટેકનલોજીસ ઈન બેંકિંગ સેકટર વિ"ાય પર ચર્ચા થશે ત્યારબાદ બીજા સત્રમાં બેકિંગ સેકટરના રેગ્યુલેટરી ઈસ્યુસ પર ઓપન હાઉસ ટોક થશે.જ્યારે બીજા દિવસે ૮મી જુને સવારે ૧૦:૧૫થી ટેકનિકલ સેશન શરૂ થશે,જેને રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેપ્યુટી ગવર્નર આર.ગાંધી સંબોધીત કરશે. ઝોઓ નેક્સ્ટ જેન કો-ઓપરેટિવ બેંક્સ પર વકતવ્ય આપશે ત્યારબાદ કોઓપરેટિવ સ્ટ્રક્ચર માટે કો-ઓપરેટિવ કાયદાની ઉપયોગીતાઓ અને મહત્વ અંગે ચર્ચા કરાશે.

આ ઉપરાંત આ સેમિનારમાં ગુજરાત કો-ઓપેરિટવ બેંક લિ.દ્વારા સહકારી બેંકિંગ સેકટર સાથે જોડાયેલા લોકોને વિમા છત્ર નીચે આવરી લેવા અંગેની ખાસ આરોગ્ય તથા અકસ્માત ઈન્સ્યોરન્સ સેવાનું પણ ઉદઘાટન કરાશે અને તાજેતરમાં ગુજરાતના કેબિનેટ મિનિસ્ટ બનેલા સહકારી આગેવાન શંકરભાઈ ચૌધરીનું સમ્માન કરાશે. આ સેમિનારના અંતે બેંકિંગ ક્ષેત્રના જુદા જુદા માપદંડો આધારિત શ્રેષ્ઠ બેંકને એવોર્ડ પણ આપવામા આવશે.

આ કાર્યક્રમમાં અતિથિ વિશે"ા તરીકે સેવાના અધ્યક્ષ અને આરબીઆઈ ડિરેક્ટર ઈલાબહેન ભટ્ટ, આરબીઆઈના એક્ઝિક્યુટિવ ડિરેકટર એન.વિશ્વનાથન, રીજ્યોનલ ડિરેક્ટર પી.સી.શાહૂ અને સેન્ટર એડવાઈઝર તરીકે આરબીઆઈના નિવૃત એક્ઝિક્યુટિવ ડિરેકટર વી.એસ.દાસ તેમજ અન્ય મહાનુભાવોમા ભારત સરકારના કો-ઓપરેશન ડીપાર્ટમેન્ટના ડિરેકટર ડી.એન.ઠાકુર, આરબીઆઈ અમદાવાદના જનરલ મેનેજર યુબીડી સુનિલ નાયર તથા ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક લિ.ના ચેરમેન અજય પટેલ તેમજ સહકારી બેંક ફેડરશેનના ચેરમેન જ્યોતિન્દ્ર મહેતા,વાઈસ ચેરમેન ડોલર કોટેચા તેમજ સીઈઓ આર.એન.જોશી ઉપસ્થિત રહેશે.

## શબ્દાવલી - ૫૪૧૧



### આડી ચાવી

૧. ખિવૈયો, નાવિક (૪)
૪. અખતરો (૩)
૫. જુગટુ, ચોપાટ (૩)
૬. મૂળ, ધોકો (૨)
૭. ...ના ઝાડને ઘણા વિદ્યાનું ઝાડ પણ કહે છે (૨)
૯. નનામી (૩)
૧૧. યોજના, ગોઠવણી (૪)
૧૩. એક નાનું ફળ (૨)
૧૪. ઘર, ઇમારત (૩)
૧૬. બોલીના શકતું હોય તેવું(૩)
૧૭. શુરવીર, ધૈર્યવાન (૫)
૧૮. રખેવાળ (૨)
૨૦. 'કરવટ' શબ્દ આડોઅવળો (૪)

### ઊભી ચાવી

૧. પર્યુસણ (૪)
૨. બકડીયું (૩)
૩. વિલંબ (૨)
૪. કારણ, હેતુ (૪)
૮. વિરહ, જુદાઇ (૩)
૧૦. રંગલો (૩)
૧૨. શરદી, સળેખમ (૩)
૧૩. બોલતું ચિત્રપટ, ફિલ્મી(૪)
૧૪. પાછું હટવું ડગવું તે (૩)
૧૫. કોમળ, મૃદુ (૩)
૧૬. ખુબ વધારે (૩)
૧૯. અંગ્રેજીમાં આપ કહેવા... કહેવું પડે (૨)

### શબ્દાવલી ૫૪૧૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) આરાધના (૪) પ્રભાત (૬) માયકાંગલો (૭) ચક (૯) પાલક (૧૦) નવુસવુ (૧૩) મેહ (૧૪) રિસ (૧૬) નારંગી (૧૮) તકવાદી (૨૦) સભરરા (૨૧) ક્ષાર

**ઊભી ચાવી :-** (૧) આળપંપાળ (૨) ધમાચકડી (૩) નાયક (૪) પ્રગટવું (૫) ભાલો (૮) ગાવુ (૧૦) નસીહત (૧૧) સપરિવાર (૧૨) આરંભ (૧૫) સદી (૧૬) નાસ (૧૭) ગીર (૧૯) કક્ષા

## કંપની સમાચાર

### ટોયોટા રજૂ કરે છે...તદ્દન નવી કોરોલા અલ્ટીસ

ટોયોટા કિર્લોસ્કર મોટર (ટીકેએમ) દ્વારા તાજેતરમાં જ રજૂ થયેલ તદ્દન નવી કોરાલા અલ્ટીસ રજૂઆતની સાથે જ વેચાણ પ્રારંભ થયું. ઓટો અક્ષ્પો ૨૦૧૪ ફેબ્રુઆરીમાં આ કારની રજૂઆત થઈ. જાણીતી કોરોલાનું આ ૧૧મું ઉત્પાદન છે. કોરોલ પોતાના કયુડીઆર-ગુણવત્તા, ટકાઉપણું અને વિશ્વસનીયતા માટે વિશ્વભરમાં જાણીતી છે. જે હવે એક કદમ આગળ છે. કોરોલા અલ્ટીસ, નવીન્સ સભર ડિઝાઈન ગુણવત્તાયુકત એન્જિનિયરીંગ ધરાવે છે. ટોયોટાની બદલાતી વૈશ્વિક ડિઝાઈન ફિલોસોફીના પગલે, ટોયોટા એક આગવી ઓળખ અને સ્વીકાર્ય એવી કાર આપવા ઈચ્છે છે. આ નવી કોરોલા શ્રેષ્ઠ કારીગરીનું ઉદાહરણ છે. વિશ્વમાં અન્ય કારની જેમ ન્યુ કોરોલા અલ્ટીસનું આ ૧૧મું ઉત્પાદન જુસ્સાદાર અને આકર્ષક દેખાવ ધરાવે છે. ટોયોટાની અદ્યતન વૈશ્વિક ડિઝાઈન ફિલોસોફીને અનુરૂપ આ નવી કાર તૈયાર કરાઈ છે. આ તદ્દન નવી કોરોલા અલ્ટીસ એક નવું સીમા ચિહ્ન પ્રસ્થાપિત કરવાનું લક્ષ્ય ધરાવે છે. કોરોલા, ટોયાટાની એક અદભુત ફલેગશીપ બ્રાન્ડ છે. પોતાની બ્રાન્ડ વફાદારીને કારણે પોતાના ગ્રાહકોને કોરોલા હોવાનો શ્રેષ્ઠતમ સંતુષ્ટનો અનુભવ કરાવે છે. આમ આ નવી કાર એક નવું સિમાચિહ્ન પ્રસ્થાપિત કરવાના લક્ષ્ય સાથે તૈયાર થઈ છે. જે પોતાની પરંપરા જાળવી રાખે છે અને પ્રત્યેક વખતે એક નવી અને વધુ સારી કાર આપે છે.

આ નવી કોરોલા અલ્ટીસ પોતે આગવી કક્ષાની છે. આગવી ઓળખ ધરાવતું આદર્શ પેકેજ ધરાવવા સાથે લકઝુરીયસ વિશિષ્ટતાઓ અને આકર્ષક કિંમત ધરાવે છે. આમ સી-સેગ્મેન્ટ ધરાવતા ખરીદારો ઉપરાંત તે ડી-પ્રીમિયમ અને ઉચ્ચ બી-સેદાન ગ્રાહકોને આકર્ષે છે. જેમને તે નાણાંનું સંપૂર્ણ વળતર આપતી આગવી કાર આપે છે. તદ્દન નવી કોરોલા અલ્ટીસ પોતાની શ્રેષ્ઠતા સાથે સ્પેશ્યલ એસેસરી પેકેજ બેન્ચમાર્ક કનેકશન પુરું પાડે છે. જેમાં દિવસ દરમિયાન ચાલુ રહેતો લમ્પ અને ક્રોમ પેકેજસ જેવી આગવી એસેસરીઝનો અદભુત સમન્વય છે. આ નવી કાર, ક્રાંતિકારી નવી સ્ટાઈલ ધરાવવા સાથે લકઝુરીયસ અને સાનુકુળ ઈન્ટીરીઅર્સ અને જબરજસ્ત પર્ફોર્મન્સ ધરાવે છે. ડીઝલ અને પેટ્રોલ બંને પ્રોડકટસ અત્યાધુનિક અને શ્રેષ્ઠ એકસ્ટીરીઅર્સ અને લકઝુરીઅસ ઈન્ટીરીઅર્સ ધરાવે છે.

### 'ટોન્ગકટ અલી' દવા ગુજરાતમાં લોન્ચ કરાઈ

અર્કા બાયોલોજી પ્રા. લિમીટેડ ભારતમાં પ્રથમવાર તાકાત (સ્ટેમીના) અને ઉર્જા આપતી 'ટોન્ગકટ અલી' નામની દવાને ગુજરાતમાંથી લોન્ચ કરી રહી છે. વિશ્વના ૬૮ જેટલા દેશમાં જાણીતી અને એશિયા ઉપખંડમાં છેલ્લા ૨૦૦૦ વર્ષથી પ્રછલિત આ દવા હવે ભારતમાં પણ ઉપલબ્ધ થશે. તેમ કંપનીએ જણાવ્યું હતું.

ચીન અમેરીકા અને મલેશિયાના વૈજ્ઞાનિકોએ તાજેતરનાં સંશોધનોમાં એવા તારણો આપ્યા છે કે, ટોગકટ અલી ના મુળીયા વ્યકિતને આંતરિક તાકાત આપીને ઉર્જાવાન બનાવે છે એ પણ કોઈ સાઈડ ઈફેકટ વિના.

ભારતમાં ટોગકટ અલી પ્રથમ વાર RE-21 નામથી આ દવા કેપ્સ્યુલ સ્વરૂપે લોન્ચ કરવમાં આવી છે. RE-21 એ તાકાત અને ઉર્જા આર્પઈા ટોંગકટ અલી નામના એનર્જી બુસ્ટર હર્બનો સમાવેશ કરીને બનાવવામાં આવી છે.આ પ્રકારની કેટલી અન્ય પ્રોડકટ બજારમાં ઉપલબ્ધ છે. પરંતુ તે માત્ર દાવાઓ જ કર છે.જયારે ટોંગકટ અલી એ માનવી અને પશુઓ પરના પરીક્ષણમાં સારા પરીણામો આપ્યા છે. RE-21 દવા એ માત્ર ટેસ્ટોસ્ટીરીનનુ રીપ્લેશમેન્ટ નથી કે નથી ટેસ્ટોસ્ટીરીનમાં વધારો કરતું. તેના સ્થાને તે માનવ શરીરમાં તે ટેસ્ટોસ્ટીરીન બનાવવામાં મદદરૂપ થાય છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં આ (આરઈ-૨૧) દવા ૪૨ ડોલર (રૂ.૨૫૦૦) માં મળ છે, પરંતુ ભારતીય બજારમાં આ દવા રૂ. ૫૯૦માં ગ્રાહકોને મળશે.આરઇ-૨૧માં અમે હાઈ કવોલીટીના પેટન્ટેડ એલજે૧૦૦ (ટોગકટ અલી) સ્વરૂપમાં વાપરીએ છે.આર-ઈ ૨૧ ગુડ મેન્યુફેકટરીંગ પ્રેકટીસ (જીએમપી) સાથે ભારતમાં ઉત્પાદીત થાય છે.અને અમે આ દવાનાં લોન્ચીંગ માટે ગુજરાત પર પસંદગી ઉતારી છે.અમદાવાદ પછી તે સમગ્રે દેશના મોટા શહેરોમાં મલી શકશે.

### ઈન્ડિયા ફર્સ્ટલાઈફે ગુજરાત માટે આક્રમક વિસ્તરણ યોજના ઘડી

ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સે ગુજરાતનાં બજાર માટે આક્રમક વિસ્તરણ યોજના ઘડી છે. કંપની વર્ષ ૨૦૧૪-૧૫માં ૨૦ ટકા વૃદ્ધિની યોજનાઓ ધરાવે છે. ઈન્ડિયા ફર્સ્ટ લાઈફનાં ડાયરેક્ટર, સેલ્ફ શ્રી કમલાકર સાંઈએ જણાવ્યું હતું કે, અમારી કંપનીની સ્થાપનાની શરૂઆતથી જ ગુજરાત અમારા માટે મહત્વનું બજાર રહ્યું છે. રાજ્યનું મિશ્ર અર્થતંત્ર અને સાતત્યપૂર્ણ વૃદ્ધિ દર અમારા માટે ઉત્તેજનાત્મક શક્યતાઓ પુરી પાડી છે.

કંપનીએ અત્યાર સુધીમાં ગુજરાતમાં ૧.૬૨ લાખ માનવજીવનને આવરી લીધા છે અને રૂ. ૧૪૮૧ કરોડનો વ્યાપર કર્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, અમારી દઢ હાજરી અને સહકારે અમારા માટે મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે. આજે અમે રાજમયાં બેન્ક ઓફ બરોડા અને આંધ્રબેંકની કુલ ૯૪૨ શાખાઓનાં માધ્યમ દ્વારા મજબૂત હાજરી ધરાવીએ છીએ. ગુજરાત રાજ્ય આજે દેશમાં સૌથી વધુ બચતો અને રોકાણો ધરાવતા રાજ્યો પૈકીનું એક છે. વર્ષ ૨૦૧૧ સુધીમાં રૂ. ૩૯.૬ લાખ કરોડનાં રોકાણોનું વચન આપવામાં આવ્યું હતું.

## જાહેર નિવિદા

મારી એસ્ટીમ કાર નં. જીજે/૧૮/જી / ૧૪૪૯, મોડલ-૨૦૦૨, જ્યાં છે ત્યાં અને જેવી છે તેવી હાલતમાં જાહેર હરાજીથી વેચવાની છે. ગાડી તા. ૧૦/૬/૨૦૧૪ના રોજ કચેરી સમયમાં સંપર્ક કરવાથી બ્લોક નં. ૭, નવા સચિવાલય, ગાંધીનગરની સામે જોઈ શકાશે. ભાવપત્રકો તા. ૨૦/૬/૨૦૧૪ સુધીમાં સીલબંધ કવરમાં રજી.એ.ડી. દ્વારા નીચેના સરનામે મળે તેમ મોકલવાના રહેશે. સીલબંધ કવરમાં મળેલ ભાવપત્રકો તા. ૨૪/૬/૨૦૧૪ના રોજ બપોરે ૨-૦૦ કલાકે ખોલવામાં આવશે. મહત્તમ ભાવપત્રક સ્વીકારવું કે કેમ તેની સત્તા સક્ષમ અધિકારીને રહેશે. જે પાર્ટીનું ભાવપત્રક સ્વીકારવામાં આવશે તે પાર્ટીએ દર્શાવેલ ભાવપત્રક મુજબની રકમ તથા તે ઉપર ચૂકવવાપાત્ર નિયમોનુસારના વેરા ભરવાના રહેશે. ગાડીની તળિયાની કિંમત રૂ. ૪૨,૦૦૦/- છે.

**પ્રદિપ ક્રિશ્ચિયન,**
**સેક્શન અધિકારી/ચ.૨ શાખા**
**સામાન્ય વહીવટ વિભાગ/આયોજન**
**બ્લોક નં.૭, ૪થો માળ, નવા સચિવાલય,**
**ગાંધીનગર**

માહિતી/૩૦૩/૧૪-૧૫